# લોભામણા પ્રસ્તાવો/ લૉટરીમાં જીત / સસ્તા ભંડોળ મેળવવાની ખોટી જાહેરાતોથી ચેતજો : આરબીઆઇ

આ સાથે આરબીઆઇ ફરીથી સ્પષ્ટતા કરવા માંગે છે કે ફૉરેન ઍક્ષ્ચેંજ મેનેજમેન્ટ ઍક્ટ, 1999 મુજબ લૉટરીને લગતી કોઈ પણ પ્રકારની સ્કીમોમાં ભાગ લેવા માટેનું ભરણું પ્રતિબંધિત છે. આ ઉપરાંત આ પ્રતિબંધ અન્ય લૉટરી જેવો સ્કીમો કે જે નાણાંની હેર ફેરના નામે ચાલતી હોઈ અથવા ઇનામની રકમ / પારિતોષિક મેળવવાં માટે આપવાની થતી રકમ ઉપર પણ લાગુ પડે છે. ભારતીય રિઝર્વ બેંક સ્પષ્ટતા કરે છે કે તે ભારતમાં કોઈ પણ વ્યક્તિ / કંપની / સંસ્થાના નામે ખાતા ખોલતી / રાખતી નથી તથા આવા કોઈ પણ જાતના નાણાં જમા રાખતી નથી.અને તે કોઈ પણ વ્યક્તિને રિઝર્વ બેંકમાં ખાતું ખોલાવી કે તેમાં પૈસા જમા કરવાની પરવાનગી આપતી નથી. બેક આવા નાંણાં જમા થયાની કોઈ રસીદ કે પ્રમાણપત્ર અથવા કોઈ બાંહેધરી પત્ર આપતી નથી.

રિઝર્વ બેંક જાહેર જનતાને આવા કોઈ ખાતામાં ખોટી અને લોભામણી યોજનાઓ માટે પૈસા જમા ન કરવાની સલાહ આપે છે. આ સાથે જાહેર જનતાને આવી કોઈ પણ યોજનાની જાણ થતા તરતજ સ્થાનિક પોલીસને જાણ કરવી જેથી આવી છેતરપિંડી કરનારાઓ સામે યોગ્ય પગલા ભરી શકાય.

રિઝર્વ બેંક દ્વારા આ જાહેરાત હાલમાં આવી ધોખાધડીની ઘણી બધી ફરિયાદોને લીધે કરવામાં આવી છે અને તેમાં પૈસા ગુમાવવાના ઘણાં કિસ્સા ધ્યાનમાં આવ્યા છે.

રિઝર્વ બેંકે અગાઉ ઘણી વખત જાહેર જનતાને આવી લોભામણી જાહેરાતો / લૉટરીમાં જીત / વિદેશી ચલણનું સસ્તું ભંડોળ મેળવવા માટે વિદેશી નાગરિકો / સંસ્થાઓ અથવા તેમના ભારતીય પ્રતિનિધિ દ્વારા અપાતા લોભામણા પ્રસ્તાવોથી સાવધ રહેવા જણાવ્યું છે. આવા પ્રસ્તાવો કાગળો, ઇ-મેઈલ, મોબાઇલ ફોન્સ, એસએમએસ વગેરે દ્વારા આપવામાં આવે છે.

ભારતીય રિઝર્વ બેંકના જણાવ્યા મુજબ, છેતરપીંડીં કરનારાઓ હવે જૂની વપરાતી રીતો ઉપરાંત તેમના કોઈ કર્મચારી દ્વારા સહીં કરાયેલા ભારતીય રિઝર્વ બેંક તરફથી આપવામાં આવ્યા હોઈ તેવાં દેખાતા પ્રમાણપત્રો, કાગળો અને પરિપત્રો બહાર પાડી મોકલાવે છે જે અસલી જેવા લાગે છે. લોકોને છેતરવા માટે આવી સંસ્થાના કર્મચારી રિઝર્વ બેંકના વરિષ્ઠ કર્મચારી હોવાના દાવા કરે છે તથા ખોટા નંબરો અને ઇ-મેઈલ આપે છે. આવા કાવતરાખોરો વિવિધ બૅન્કોમાં ખાતા ખોલાવે છે અને તે ખાતાઓમા લોકોને જુદા જુદા ખર્ચ બતાવી, ટેક્સ વી. પૈસા આ ખાતાઓમા જમા કરવાનું કહે છે. આવા ખાતાઓમા પૈસા જમા થયા બાદ આ લોકો પૈસા ઉપાડીને ગાયબ થઈ જાય છે અને આમાં ફસાયેલા લોકો તેમના પૈસા ગુમાવી બેસે છે.

જાહેર જનતાને વિનંતિ છે કે ઉપરોક્ત અંગે વધુ માહિતી માટે રિઝર્વ બેંકની વેબ સાઇટ (www.rbi.org.in) ઉપરનાં ટિકર વાંચશો.

**અલ્પના કિલ્લાવાલા**

**મુખ્ય મહા પ્રબંધક**

**પ્રેસ વિજ્ઞપ્તિ : 2009-2010/168**